# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-12-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

***************************************************

1. **સરકાર લોકસભામાં વાયુ પ્રદૂષણના મુદ્દે ચર્ચા કરવા તૈયાર**
2. **મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે રાજ્યને નક્સલમુક્ત જાહેર કર્યું.**
3. **કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી શિવરાજ પાટીલનું નિધન.**
4. **આંધ્રપ્રદેશના અલ્લુરી સીતા રામરાજુ જિલ્લામાં બસ દુર્ઘટનામાં 8 લોકોના મોત.**
5. **એશિયા કપ અંડર-19 T-20 ટુર્નામેન્ટમાં ભારત-સંયુક્ત આરબ અમીરાત વચ્ચેની મેચમાં ભારતે 20 ઓવરમાં 157 રન બનાવ્યા.**

…………………………………………………………………

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# LS-AIRPOLLUTION

સરકાર લોકસભામાં વાયુ પ્રદૂષણના મુદ્દે ચર્ચા કરવા તૈયાર હોવાનું કેન્દ્રીય સંસદીય બાબતોના  મંત્રી કિરેન રિજિજુએ કહ્યું છે. તેમણે કહ્યું કે આ મુદ્દો વ્યાપાર સલાહકાર સમિતિમાં વિપક્ષના નેતા દ્વારા ઉઠાવવામાં આવ્યો હતો, તેથી સરકારે તેના પર ધ્યાન આપવાની જરૂર છે.

શૂન્ય કલાક દરમિયાન  આ મુદ્દો ઉઠાવતા વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે આ એક મહત્વપૂર્ણ મુદ્દો છે જેનો દેશ હાલમાં સામનો કરી રહ્યો છે. શ્રી ગાંધીએ વધુમાં ઉમેર્યું કે ગૃહમાં આ મુદ્દા પર ચર્ચા કરવા માટે વિપક્ષ અને સરકાર વચ્ચે સંપૂર્ણ સંમતિ હશે. તેમણે કહ્યું કે શહેરોમાં વાયુ પ્રદૂષણથી કેવી રીતે છુટકારો મેળવવો તે અંગે સરકારે કોઈ યોજના વિકસાવવી જોઈએ અને કોંગ્રેસ સહિત વિપક્ષ આવી યોજનાના વિકાસને સમર્થન આપવા માટે સહકાર આપશે.

દરમિયાન કાર્તિગાઇ દીપમ મુદ્દે ડીએમકે સાંસદોનાં વિરોધ બાદ લોકસભાની કાર્યવાહી બપોરે બે વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## RS - CROP PRODUCTION

દેશમાં છેલ્લા દસ વર્ષમાં પાક ઉત્પાદનમાં ૪૪ ટકાનો વધારો થયો છે. આજે રાજ્યસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબ આપતા કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, ૨૦૧૪ થી ૨૦૨૪ દરમિયાન બીજની નવી જાતો, આધુનિક ટેકનોલોજી અને સુધારેલી ખેતી પદ્ધતિઓના ઉપયોગને કારણે આ શક્ય બન્યું છે. તેમણે કહ્યું કે, સરકાર કૃષિ ક્ષેત્રમાં વ્યાપક વિકાસ સુનિશ્ચિત કરવા માટે સતત પ્રયાસો કરી રહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## SHEKHAWAT-TOURISM

કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે જણાવ્યું કે ભારત ક્રુઝ પર્યટન માટે એક નવું કેન્દ્ર બની રહ્યું છે. મુખ્ય વૈશ્વિક હોટેલ જૂથો દેશમાં રોકાણ કરી રહ્યા હોવાથી હોટેલ અને રેસ્ટોરન્ટ્સમાં  નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી રહી છે. આજે નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતાં તેમણે દેશમાં પર્યટન વધારવામાં વંદે ભારતની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો.

## (બાઈટ – કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત)

શ્રી શેખાવતે મુખ્ય કોરિડોરમાં 'કવચ' સિસ્ટમ ગોઠવવામાં આવી રહી છે અને ટ્રેન અકસ્માતો ઘટાડવામાં મદદ કરવા માટે ડ્રોન મોનિટરિંગની વ્યવસ્થા કરવામાં આવી હોવાનું તેમણે વધુમાં જણાવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## HARDEEP PURI

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ જણાવ્યું કે વેપારને સરળ બનાવવા માટે પેટ્રોલિયમ અને કુદરતી ગેસ નિયમો, 2025 માં સુધારો કરવામાં આવ્યો છે.

આનાથી ભાડાપટ્ટે લેનારા વ્યવસાયિકો એક જ પેટ્રોલિયમ લીઝ હેઠળ તમામ પ્રકારના ખનિજ તેલનો વેપાર કરી શકશે. અને ડીકાર્બોનાઇઝેશન અને વ્યાપક ઉર્જા ઉપયોગ સંબંધિત પ્રોજેક્ટ્સ હાથ ધરી શકશે.વધુમાં, પેટ્રોલિયમ લીઝ માટેની અરજીઓનો નિર્ણય 180 દિવસની અંદર લેવામાં આવશે, અને 30 વર્ષ સુધીના લાંબા ગાળાના લીઝ મંજૂર કરવામાં આવશે.

સુધારેલા નિયમો અનુસાર, ભાડા અને કરારના વિવાદોનો ઉકેલ નવી દિલ્હીમાં કરાશે. વિદેશી કંપનીઓ તટસ્થ સ્થાન પસંદ કરી શકશે. દંડની

રકમ પણ વધારીને 25 લાખ રૂપિયા કરવામાં આવી છે અને જો ઉલ્લંઘન ચાલુ રહેશે તો દરરોજ 10 લાખ રૂપિયાનો દંડ વસૂલવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MANIPUR-PREZ-NUPI-LAL-DAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ મણિપુરની રાજધાની ઇમ્ફાલમાં ૮૬મા નુપી લાલ દિવસ પર રાજ્યની બહાદુર મહિલાઓને શ્રદ્ધાંજલિ આપી. આ પ્રસંગે રાજ્યપાલ અજય કુમાર ભલ્લા સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા.

ઇમ્ફાલની એક કોલેજમાં પણ આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે રાજ્યના મુખ્ય સચિવ ડૉ. પુનીત કુમાર ગોયલે ૧૯૦૪ થી ૧૯૩૯ દરમિયાન બ્રિટિશ શાસન દરમિયાન નુપી લાલમાં મણિપુરની મહિલાઓની હિંમતની પ્રશંસા કરી હતી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે મણિપુરના સેનાપતિ જિલ્લામાં વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન શિલાન્યાસ કરશે- એક જાહેર સભાને સંબોધિત કરશે

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MP NAKSHAL MUKT

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે રાજ્યને નક્સલમુક્ત જાહેર કર્યું છે.

બાલાઘાટ જિલ્લામાં બે માઓવાદીઓના આત્મસમર્પણ બાદ તેમણે આ જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના માર્ગદર્શનમાં 2026 સુધીમાં દેશમાંથી નક્સલવાદને નાબૂદ કરવાના મજબૂત સંકલ્પને કારણે આ શક્ય બન્યું છે.

શ્રી યાદવ ભોપાલથી વીડિયો કોન્ફરન્સ દ્વારા બાલાઘાટમાં નક્સલીઓના આત્મસમર્પણ સંબંધિત 'પુનર્જીવનથી કાયાકલ્પ' અભિયાન હેઠળ આયોજિત કાર્યક્રમને સંબોધિત કરી રહ્યા હતા. નક્સલી દીપક અને રોહિતે ગઈકાલે બાલાઘાટ જિલ્લાના બિરસા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવેલા કોરકા સ્થિત સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ કેમ્પમાં આત્મસમર્પણ કર્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PM-PATIL-DEMISE

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી શિવરાજ પાટીલનું આજે નિધન થયું છે. તેઓ 91 વર્ષના હતા. શ્રી પાટીલ લાંબા સમયથી બીમાર હતા. તેમણે લોકસભાના અધ્યક્ષ તરીકે પણ સેવા આપી હતી. શ્રી પાટીલ લાતુર લોકસભા બેઠક સાત વખત જીત્યા હતા.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત મહાનુભાવોએ શ્રી પાટિલના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે તેમના લાંબા જાહેર જીવનમાં શ્રી પાટીલે લોકસભા અધ્યક્ષ, કેન્દ્રીય મંત્રી, રાજ્યપાલ અને લાંબા સમય સુધી સંસદ સભ્ય સહિત અનેક મહત્વપૂર્ણ પદો સંભાળ્યા હતા.

પ્રધાનમંત્રીએ કહ્યું કે શ્રી પાટીલ એક અનુભવી નેતા હતા અને સમાજના કલ્યાણમાં યોગદાન આપવા માટે ઉત્સાહી હતા.

શિવરાજ પાટિલના અંતિમ સંસ્કાર આવતીકાલે સવારે 11 વાગ્યે લાતુર નજીક કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## LS RS TRIBUTES

લોકસભામાં આજે ભૂતપૂર્વ સ્પીકર શિવરાજ પાટિલને શ્રદ્ધાંજલિ આપવામાં આવી, સવારે 11 વાગ્યે ગૃહની બેઠક મળી ત્યારે અધ્યક્ષ ઓમ બિરલાએ શિવરાજ પાટિલના નિધનની જાહેરાત કરી.

લોકસભા અને રાજ્યસભાએ 13 ડિસેમ્બર, 2001ના રોજ સંસદ હુમલાના શહીદોને પણ શ્રદ્ધાંજલિ પણ આપી. તેમના સન્માનમાં બે

મિનિટનું મૌન પાળવામાં આવ્યું. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ જણાવ્યું કે **2001**માં સતર્ક સુરક્ષા કર્મચારીઓએ અદમ્ય હિંમત દર્શાવી અને આતંકવાદીઓના નાપાક પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા.

રાજ્યસભાના અધ્યક્ષ સી.પી. રાધાકૃષ્ણને જણાવ્યું કે જે લોકશાહી વિચારો માટે સુરક્ષા કર્મચારીઓએ પોતાના જીવનનું બલિદાન આપ્યું હતું તેને પ્રોત્સાહન આપવાની જવાબદારી સભ્યો અને દેશના દરેક નાગરિકની છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

# AP-BUS-ACCIDENT

આંધ્રપ્રદેશના અલ્લુરી સીતા રામરાજુ જિલ્લામાં આજે સવારે બસ દુર્ઘટનામાં 8 લોકોના મોત થયા છે.

ચિંતૂર-મારેડુમિલી ઘાટ રોડ એક ખાનગી બસે કાબુ ગુમાવતાં ખાડામાં પડી જતાં આ અકસ્માત સર્જાયો છે. પ્રારંભિક અહેવાલો અનુસાર, અકસ્માત સમયે બસમાં 35 મુસાફરો અને બે ડ્રાઇવર હતા. આઠ લોકોના મોત થયા છે. ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે, અને મૃત્યુઆંક વધવાની આશંકા છે. બસ ભદ્રાચલમથી અન્નવરમ જઈ રહી હતી. ચિંતૂર પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને સ્થાનિક રહેવાસીઓની મદદથી બચાવ કામગીરી શરૂ કરી. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ અકસ્માત પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે તથા ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી છે. શ્રી મોદીએ પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી મૃતકોના પરિવારજનોને 2 લાખ અને ઘાયલોને 50 હજારની સહાયની જાહેરાત કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PAK SCHOOL EXPLOSION

પાકિસ્તાનમાં ઉત્તર વઝીરિસ્તાનના મીર અલીમાં સરકારી પ્રાથમિક શાળામાં  ગઈરાત્રે શક્તિશાળી વિસ્ફોટ થયો હતો. જો કે વિસ્ફોટ રાત્રે થયો હોવાથી જાનહાનિના કોઈ અહેવાલ નથી.

એક અહેવાલ મુજબ, અજાણ્યા હુમલાખોરોએ અયાઝ કોટમાં શાળામાં વિસ્ફોટકો મૂક્યા હતા, જેના કારણે ઇમારત કાટમાળમાં ફેરવાઈ ગઈ હતી. જિલ્લા શિક્ષણ અધિકારીઓએ જણાવ્યું હતું કે આ વિસ્તારની આ એકમાત્ર કાર્યરત પ્રાથમિક શાળા હતી. અધિકારીઓએ સ્થળને સીલ કર્યું છે અને 600થી વધુ બાળકો માટે વર્ગો ફરી શરૂ કરવા માટે કામચલાઉ વ્યવસ્થાની શોધ કરી રહ્યા છે.

પોલીસે પુરાવા એકત્રિત કર્યા છે, અને પ્રારંભિક મૂલ્યાંકન મુજબ વિસ્ફોટકો દૂરથી અથવા ટાઈમર દ્વારા વિસ્ફોટ કરવામાં આવ્યા હોવાના અહેવાલ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## US - BIRTH TOURISM

અમેરિકાએ ફરી એકવાર સ્પષ્ટતા કરી છે કે, અમેરિકન નાગરિકતા મેળવવાના ઇરાદાથી બાળકને જન્મ આપવા માટે અમેરિકા જવા માંગતા પ્રવાસીઓની વિઝા અરજીઓ નકારી કાઢવામાં આવશે.

ભારતમાં અમેરિકન દૂતાવાસે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે આવી પ્રવાસી વિઝા અરજીઓ પર પ્રક્રિયા કરવામાં આવશે નહીં. વિઝાના દુરુપયોગને રોકવા માટે અમેરિકન સરકારે આ પગલું ભર્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CRICKET - U-19 ASIA CUP

ક્રિકેટમાં, એશિયા કપ અંડર 19 ટુર્નામેન્ટમાં આજે ભારત અને સંયુક્ત આરબ અમીરાત વચ્ચે દુબઈમાં મેચ ચાલી રહી છે

આ મેચમાં ભારતે UAE સામે 20 ઓવરમાં 1 વિકેટે 157 રન બનાવ્યા છે. વૈભવ સૂર્યવંશી 99 અને એરોન જ્યોર્જ 48 રન બનાવીને રમતમાં હતા

અગાઉ, સંયુક્ત આરબ અમીરાતે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. આ ટુર્નામેન્ટમાં રવિવારે ભારતનો મુકાબલો પાકિસ્તાન સામે થશે. આ ટુર્નામેન્ટમાં આઠ એશિયન ટીમો ભાગ લઈ રહી છે. ભારત ગ્રુપ A માં સંયુક્ત આરબ અમીરાત, પાકિસ્તાન અને મલેશિયા સાથે છે. ગ્રુપ B માં બાંગ્લાદેશ, શ્રીલંકા, અફઘાનિસ્તાન અને નેપાળ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SQUASH WORLD CUP 2025

ભારતે ચેન્નાઈમાં રમાઈ રહેલા સ્ક્વોશ વિશ્વ કપની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો.

ભારતે બીજા પૂલ બી મેચમાં બ્રાઝિલ સામે 4- 0 થી વિજય મેળવ્યો હતો.

વેલાવન સેન્થિલકુમારે પેડ્રો મોમેટો પર 3 - 0 થી વિજય મેળવીને શરૂઆત કરી.

ભારતે અગાઉ પોતાની શરૂઆતની મેચમાં સ્વિટ્ઝર્લૅન્ડને ૪-0 થી હરાવ્યું હતું. 2025 ની ટુર્નામેન્ટમાં ચાર ગ્રુપમાં 12 ટીમો છે, જેમાં દરેક ગ્રુપમાંથી ટોચની બે ટીમો ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કરશે. ભારત આગામી મેચમાં દક્ષિણ આફ્રિકા સામે રમશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .